# માતૃભાષા

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

No. 45 - June 2008 | **MATRUBHASHA** | Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

**અંક નંબર ૪૫ - જૂન ૨૦૦૮ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ**

## દાન



દાન બે પ્રકારના ગણાય છે. એક તો જે દાન કરનાર પોતાની કે પોતાના પૂર્વજની 'વાહ વાહ' બોલાય, પોતે કેવા મહાન દાનેશ્વરી છે તેની લોકો નોંધ કરે, તેમના નામની તક્તી હોય, ફોટાઓ મૂકાય, મૂર્તિ મૂકાય, મકાનનું કે મકાનનો કોઈ ભાગ તેમના નામે ઓળખાય, ધર્માદા સંસ્થાના ચોપડા પર પોતાનું નામ લખાય, એવા ઉદ્દેશથી પૈસા આપે તે. સમાજના અને ધર્મના નાના મોટા ઘણા કામો એવા દાનથી થાય છે. ક્યાંક કોઈના નામની શાળા બંધાય છે, તો ક્યાંક કોઈના નામની હોસ્પિટલ બંધાય છે, કે પછી કોઈ વિકાસગૃહો બંધાય છે. અમૂક લોકોની શાખ મોટી બંધાયેલી હોય છે. એક મોટા નામવાળાના દાનની પાછળ અનેક નાનાનાના દાન પણ મળે અને આમ સંસ્થાનું કામ આગળ ધપે. 'એમણે આટલું મોટું દાન આપ્યું તો આ કામ કરવા જેવું હશે' કે 'આ સંસ્થાની કાર્યવાહી નિષ્ણાત ને સેવાભાવી માણસોના હાથમાં હશે' એમ લોકોને ભરોસો પડે. સમાજ, સંસ્કૃતિ અને ધર્મની પ્રગતિમાં આવા દાનેશ્વરીઓનું ઘણું મોટું પ્રદાન હોય છે.

ઘણા લોકો એવી કોઈ પ્રસિદ્ધિ કે પ્રશંસાની પરવા કર્યા વગર સ્વભાવે જ દાનેશ્વરી હોય છે, પરગજુ સ્વભાવના હોય છે. બીજાની જરૂરિયાત પૂરી કરવા પોતે ઘસાવા તૈયાર હોય છે. પોરબંદરમાં એક શિક્ષક દંપતી છેલ્લા પચીસ વર્ષથી વીસ જેટલા ટીફીન તૈયાર કરીને નજીકની હોસ્ટિલમાં બપોરનું જમવાનું પહોંચાડે છે. ટીફીન તૈયાર થઈ ગયા પછી જ પોતે જમવું એવો નિયમ પણ રાખલ છે. ફક્ત સૌરાષ્ટ્રમાં જ નહી પણ સમગ્ર ભારતમાં અને દુનિયાના દરેક દેશોમાં એવા માણસોનું અસ્તિત્વ છે. દરેક માણસના હૃદયમાં ઓછાવત્તા પ્રમાણમાં કુમળી લાગણી તો હોય જ છે. જેમને 'કસુંબીનો રંગ' લાગે છે તેઓ આ લાગણીને બહાર લાવી બીજા માટે કાંઈક કરી છૂટવામાં ધન્યતા અનુભવે છે. દાનનો આ સૌથી ઊંચો પ્રકાર ગણાય છે.

બીજા પ્રકારનું દાન તે 'ગુપ્તદાન'. ગોલખમાં પૈસા નાખવાથી માંડી નામ બતાવ્યા વગર લાખો આપી દેવા તે ગુપ્તદાનના પ્રકાર છે. આપણા ધર્મમાં આવા દાનનું મહત્ત્વ ઘણું છે. સંત રહીમ જ્યારે કોઈને કંઈ આપતા ત્યારે પોતાની નજર જમીન તરફ રાખીને આપતા. એમને જ્યારે આમ કરવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે કહે, 'જો લેનાર વ્યક્તિનો ચહેરો જોવાય જાય અને ભવિષ્યમાં અનાયાસે પણ તે વ્યક્તિનો ભેટો થઈ જાય તો મારા મનમાં કદાચ અહમ્ જાગે કે મેં એને મદદ કરી હતી અને જો એમ બને તો મેં આપેલી મદદની કિંમત ઘણી ઘટી જાય'

કાળાબઝારના કે અનીતિના ધંધામાંથી કમાયેલા પૈસા જે સરકારને બતાવી નથી શકાતા તેના પણ ગુપ્તદાન કરવામાં આવે છે. આ રીતે મંદિરો કે સાર્વજનિક કામોના બાંધકામ માટે લાખો ને કરોડોના હિસાબે પૈસા મળે છે. આવા પૈસાના દાનથી પુણ્ય મળે છે કે નહિ તે ચર્ચાનો વિષય ગણાય પણ આપનારને પોતાના હાથમાંથી 'ગરમ બાફેલા બટેટા'ને દૂર કરવા જેટલી શાંતિ જરૂર મળતી હશે. અને સાથે મંદિરો બંધાય છે તથા ધાર્મિક સંસ્થાઓ ફૂલીફાલીને મોટી થાય છે. ૧૯૪૭ની સ્વતંત્રતા પછી ભારતમાં કાળાબઝારનો જન્મ થયો તેમ કહેવાય. આ પહેલાં ખેડૂતો, જમીનદારો, કારખાનાના માલિકો જે તે રાજરજવાડાને ખંડણી ભરતાં અને આ રાજરજવાડા બ્રિટિશ સરકારને ખંડણી ભરતા. આમાં કોઈ નીતિનિયમો હતા નહી. કોની કેટલી શક્તિ છે એ પ્રમાણે એણે આપવાનું. ગામના રાજાને જ્યારે વધારે પૈસાની જરૂર પડે ત્યારે પોતાના તાબાના જમીનદારો અને શાહુકારોને બોલાવે અને કોણ કેટલા આપવા તૈયાર છે તેની મસલત કરે. એટલે આમ જુઓ તો આવક છૂપાવવાની શીખામણ તો પહેલાં પણ સૌ ધનિકોને મળેલી જ હતી.

ભાવનગરના મહારાજાનો અનુભવ અહી નોંધવા જેવો છે. દિલ્હીથી બ્રિટિશ રાજનો પ્રતિનિધિ સૌરાષ્ટ્રની સહેલગાહે અને ગીરના જંગલમાં સિંહનો શિકાર કરવા આવવાનો હતો. સૌરાષ્ટ્રના દરેક મોટા રજવાડાનાં આમંત્રણો તો હોય જ. ભાવનગરના મહારાજાને થયું કે આપણે એમની એવી આગતાસ્વાગતા કરીએ કે એને ભાવનગર યાદ રહી જાય. આપણો દુહો છે ને 'ભૂલો પડી ભગવાન તું એક દિ કાઠીઆવાડ આવને, તારી એવી કરું સરભરા, તને સરગ ભૂલાવું શામળા.' ચતૂર વઝિરે સૂચન કર્યું, 'બાપુ, આ ભગવાન નથી. આની પાસે બહુ દેખાડો કરવામાં આપણને કાંઈ ફાયદો નથી.' પણ મહારાજાને પોતાનો 'વટ પાડવા'ની ધૂન લાગી હતી. રાજની સરહદથી કંપનીના ઉતારા સુધી રસ્તા શણગાર્યા, મુખ્ય રસ્તાના બધા મકાનમાલિકોને તેમના મકાનના રંગરોગાન કરીને શણગારવાનો આદેશ આપ્યો, ત્રણ દિવસ સુધી નાચગાન અને ખાણીપીણીના જલસા કરાવ્યા અને ધામધૂમથી વળાવ્યા. બ્રિટિરાજના પ્રતિનિધિને થયું, 'ઓહોહો, આટલા બધા શણગાર અને ત્રણ દિવસની આવી ધામધૂમમાં આટલો બધો ખર્ચ કરી શકે તે રાજ પાસે સંપત્તિ કેટલી હશે. આપણને આમાંથી ભાગ મળવો જોઈએ.' દિલ્હી જઈને વાઈસરોય સાથે મસલત કરી અને ભાવનગરના મહારાજાને આભારના કાગળ સાથે ફરમાન આવ્યું, 'આવતા વર્ષથી ખંડણી ત્રણગણી આપજો.' ભાવનગરના મહારાજાને બરાબરનો પાઠ મળ્યો. તેમને વઝિરનું સૂચન હવે સમજાયું કે બધું સંતાડીને રાખવામાં ફાયદો છે ! સેંકડો વર્ષોથી લૂંટફાટ કરવા માટે આવતા પરદેશીઓના ધાડામાં અને બ્રિટિશરાજના પ્રતિનિધિમાં કાંઈ ફરક નહોતો.

આજકાલ ભારતમાં એવી રસમ થઈ ગઈ છે કે સામાજીક કાર્ય કરતાં ધાર્મિક કામ માટે લોકો પૈસા સહેલાઈથી આપે છે અને ક્યારેક જરૂર કરતાં વધારે પણ આપે છે. ધર્મ માટેની શ્રદ્ધા કહો કે અંધશ્રદ્ધા પણ મંદિર બાંધવા કે પૂજાપાઠ કરવા કે કરાવવા માટે માણસ ઘણીવાર ગજા ઉપરવટનું અને કોઈવાર તો ઉછીના લઈને કે ઘર ગીરવે મૂકી કરજ કરીને પણ આપે છે. 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોસીને આટો' એવી વાત પણ બને છે. પોતે ભૂખ્યો રહે, કે કુટુંબના માણસોને નવા કપડાની જરૂર હોય તો એ એકબાજુ રહી જાય પણ મંદિરમાં ભોગ ધરવા માટે કે શંકરના લીગ પર એક લીટર દૂધ ઢોળવા માટે કે માતાજીના નવા રેશમી વાઘા બનાવવા માટે તે ગમે તેમ ખેંચાઈને પણ પૈસા ખર્ચવા તૈયાર થઈ જશે.

એક ભાઈ નિવૃત્ત થયા છે, પેન્સન મળે છે. તેમને દર મહિને પેન્સનના પૈસા મળે એટલે મંદિરમાં જઈને આપી આવે. પૂજારી તો રાજી રાજી થઈ જાય. આવો દાનેશ્વરી દિવો લઈને શોધવા નીકળો તો મળવો મૂશકેલ છે. સવાર, બપોર, સાંજ, મંદિરમાં બેસીને માળા ફેરવ્યા કરે. પછી નવું ધોતિયું જોતું હોય કે ક્યાંય જવાનું બસભાડું જોઈતું હોય કે ચશ્માામાં નવા કાચ નખાવવા હોય કે એવી નાનીમોટી જરૂરિયાત માટે દીકરા સામે હાથ લંબાવે. નાના પૌત્ર કે પૌત્રી તેમની સાથે રમવા ઈચ્છે તો કહે, 'મારે મંદિરે જવાનો સમય થયો છે' કે 'આ પાંચ માળા ફેરવી લઉં પછી..' ઈશ્વર આવી ભક્તિથી રાજી થતો હશે ? નાના બાળકોને આપણે ભગવાનનું સ્વરૂપ માનીએ છીએ. દાદાપૌત્રનો સંબંધ એક અલૌકિક સંબંધ ગણાય છે. જે ઈશ્વર તમારી સમક્ષ હાજરાહજુર છે તેની અવગણના કરીને તમે મંદિરમાંના ઈશ્વરને કઈ રીતે રાજી કરી શકો ? અને જે પેન્સનના પૈસા તમે પૌત્ર માટે વાપરવાને બદલે મંદિરના પૂજારીને આપી આવ્યા તે કહેવાતા દાનનું પૂણ્ય કેટલું મળી શકે ?

કહેવાય છે કે 'કુપાત્રે દાન કરવા કરતાં દાન ન કરવું સારું' કારણકે કુપાત્રે દાન કરવાથી તેનું પુણ્ય મળવાને બદલે અવળું ફળ પણ મળે. જે સંસ્થા ફક્ત પોતાનું ભંડોળ જ વધાર્યા કરે અને ધર્માદા કે સામજીક કાર્ય માટે કાંઈ પૈસા ન ફાળવે તેવી સંસ્થાના સ્પોન્સર બનવાથી કે તેના હોલના ભાડા આપવાથી કોઈને શું પુણ્ય મળે તે વિચારવા જેવું છે. તેના કરતાં એ પૈસા કોઈ ગરીબ બાળકના ભણતર માટે વપરાય તો વિદ્યાદાનનું મહાપુણ્ય મળે. દાન કરતી વખતે દાનની ગુણવત્તાનો વિચાર કરવો એ દાન કરવા કરતાં પણ વધુ જરૂરી છે.

Publication:
MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.

Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com.
Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal, but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ અવગતની એંધાણી ⌘
**મનુભાઈ ત્રિવેદી 'સરોદ'**

અવગતની એંધાણી
એ સંતો, અવગતની એંધાણી
કે ચાતક પીએ એઠું પાણી.
રાજના રાજ એવા મેઘરાજાને ઘેર,
એની પરબ મંડાણી,
સોનેરી દોરથી ને હેમલા હેલથી
રૂપેરી ધાર રેલાણી
હે સંતો, તો ય તરસ ના છિપાણી
કે ચાતક પીએ એઠું પાણી.
માનસર છોડીને આવ્યો શું હંસલો
માછલીએ મન આણી !
ચતુર ચકોરની ચૂકીને ચાંદની
આગિયે આંખ ખેંચાણી
હે સંતો, આતમજ્યોતિ ઓલવાણી
કે ચાતક પીએ એઠું પાણી !
કળિયુગ કેરો વ્યાપ્યો મહિમા,
સંતની નિષ્ફળ વાણી,
દાસી ય નો'તી મનમોલમાં એ થઈ
માયા આજ મહારાણી !
હે સંતો, આવે પ્રલય જો જાણી
કે ચાતક પીએ એઠું પાણી.
(ચાતક નામનું પક્ષી આકાશ તરફ મોઢું ફાડીને ઊભું રહે છે અને વરસાદનું પાણી સીધું તેના મોઢામાં પડે તે જ એ પીએ છે.)

## ⌘ યાદો તારી ⌘
**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

યાદો તારી ચખ-ઝરુખડે ઝૂલતી ન્યારી ન્યારી
હૈયે મારે અમીય નીતરી ડોલતી થઈ રસાળી
કાયા કેરા અણુઅણુ મહીં ઘોળતી રૂપ-લાલી
દીધું જેણે હૃદયરસમાં કાલવી નૂર ઠારી.
રોપ્યું કેવું બીજ પ્રણયનું માધવી વાયરે રે !
નેહે સીચ્યું મલપી મલપી, કોળી ચાલ્યું રૂપાળું.
છો હો ના તું સમીપ તદપી તુજ પ્રાતિધ થૈને
કુખે જોને મૃદુ સ્મરણની રંગબિછાત છાઈ.
ક્ષિતિજેથી ઉદિત રવિ-શો ઊર આભે છવાઈ
ભર્યું જેણે મુજ નિલયનું આંગણું ભાળ ધારે.
મીઠાં મીઠાં ખગ-કૂજને-શા બોલ કાલા વહાવી
આચ્છાદીને ઉર ઉપવને નિજ લીલા પ્રસારી.
ઝૂલે કેવો પિયૂષ ઝરતો ગેલ ક્રીડા કુમાશે !
નેણે વાને કમલ સરખો આવીને તું જ કહેજે !

## ⌘ છાતીએ ⌘
**ભગવતીકુમાર શર્મા**

વગડો વીંધીને આવી વસ્યો મોર છાતીએ
વાદળ અભાવના વળી ઘનઘોર છાતીએ.
પીંડે છે મારા શ્વાસને અણિયાળી આવજા
ઊગી ગયા છે હાથલા કંઈ થોર છાતીએ.
હમણાં પડી ગયો હતો વરસાદ ધોધમાર
તોયે ધખે છે ચૈત્રની બપોર છાતીએ.
ન્હોતાં છૂંદાવ્યાં તોય ઊઠી આવ્યાં છૂંદણાં
કાળી તરસની ફૂટી હશે કોર છાતીએ.
ખાલીપે ઝૂરતી બધી રોપી દો પાંસળી
સંભવ છે, ઊગી નીકળે ગુલમ્હોર છાતીએ.
પ્રાગૈતિહાસ કાળથી કણસ્યા કરું છું હું,
એવા ભરી ગયો છે સમય ન્હોર છાતીએ.
લટક્યા કરું છું ક્યારનો શ્વાસોના ક્રોસ પર
ખીલા જડો તો એક જડો ઓર છાતીએ.

## ⌘ જવું છે એક દિ તો ⌘
**હરીન્દ્ર દવે**

હવે થાકી ગયો સાકી પુરાણી એ સુરાલયથી
નશો ચડતો નથી મુજને તમારા મહેકતા મયથી
ગગનમાં શું રહે છે કોઈ મારા જેવો દુર્ભાગી
કોઈ બોલાવતું લાગે છે મુજને એ મહાલયથી.
બધા દૃશ્યો અલગ દેખાય છે, એ ભેદ સાદો છે,
હું દેખું છું વિમાસણમાં, તમે દેખો છો સંશયથી
તમે અદૃશ્ય રહી બાજી રમો ગાફેલ રાખીને
મહત્તા કોઈની ઘટતી નથી એવા પરાજયથી.
કોઈના સૂરના પડઘાની બાજુ મેં કદમ માંડ્યા,
પળેપળ દૂર હું થાતો ગયો એમના મહાલયથી.
હું જાણી જોઈને મારા કદમ એ જાળમાં મૂકું,
નથી હોતો કદી અજ્ઞાત તારા કોઈ આશયથી.
ન મારી આ દશાને ભૂલથી પણ દુર્દશા કહેતા,
ખરીદી પાનખર મોંઘી વસંતો કેરા વિક્રયથી.
જવું છે એક દિ તો આજ ચાલ્યો જાઉં છું, મિત્રો,
નથી આવ્યો મહેફિલમાં ટકી રહેવાના આશયથી.

## ⌘ ગઝલરૂપ ⌘
**ફકીર**

વ્યથાઓ જીવનની અદા થઈ ગઈ
અદાઓ તમારી બલા થઈ ગઈ.
વફાની ન ખાહિશ રહી છે હવે
વફાઓ અમારી ખતા થઈ ગઈ.
તસલ્લી હતી દિલને તદબીરથી
ઘડીભરની કિસ્મત ફના થઈ ગઈ.
વિરહની નવાજિશ થઈ પ્રેમમાં
ખુશી જિંદગીથી ખફા થઈ ગઈ.
હૃદયની તમન્નાને દફનાવવા
હજાર આફતો છે જમા થઈ ગઈ.
ભમે છે નિગાહો હવે ચોતરફ,
દિવાની અરેરે! હયા થઈ ગઈ.
તિમિર કંઈ દિસે છે નજરમાં હવે,
વિરહરાત્રિઓ શું ઉષા થઈ ગઈ.
નિહાળીને એને ગઝલરૂપમાં
'ફકીર' જાન મારી ફિદા થઈ ગઈ.

## ⌘ જોઈ લે ⌘
**રમેશ પારેખ (છ અક્ષરનું નામ)**

ખરી રહ્યો છે ચહેરાનો રંગ, જોઈ લે
બટક્યું જાય છે ભીતર સળંગ, જોઈ લે
રમેશ કેટલો છે શ્રીઅઢંગ, જોઈ લે
અતીત સાથે લડે છે એ જંગ, જોઈ લે
તૂટી જવાની અણી પર છે તંગ, જોઈ લે
બિછાવે લોહીમાં કોઈ સુરંગ, જોઈ લે
ખભે ઉપાડ્યા મરેલા તરંગ, જોઈ લે
સમુદ્રનેય છે કેવો પ્રસંગ, જોઈ લે
આ ઝંઝાવાત અને એના ઢંગ, જોઈ લે
રમેશ, ઊડશે કોનો પતંગ,જોઈ લે

## ⌘ કોને સોંપવાં ⌘
**દુલા કાગ**

ભંડારમાં ભર્યાં છે અઢળક નાણાં રે
ચાવી રે કોને સોંપવી ?
ખેતરમાં પાક્યા છે અઢળક દાણા રે
રખોપાં કોને સોંપવાં ?
ચિંતા અળસાવે ને રોગને હટાવે રે
મારા કપાટમાં ઓસડીઆં સંઘરેલાં રે
ઓસડીઆં વાટીને વાળેલાં
પડીકાં કોને સોંપવાં રે ?
દુનિયા દિવાની બને રામજી રીઝે
લેખણે શારદાના નીત ખમકારા રે
મારી આ કલમ કોને સોંપવી રે ?
નથી આંટીઆળી નથી રંગવાળી રે
મારે માથલડે સાદી સુંવાળી રે
પાઘડી રે કોને સોંપવી રે ?
'કાગ' જુદી જુદી જાતું, જુદી જુદી ભાતું રે
કોઠામાં પડી છે લાખલાખ વાતું રે
વારસો એ કોને સોંપવો રે ?

જ્ઞાન વાર્તા
થોથાં પાનાં સંગ્રહો
પુસ્તક-આલય
-પ્રવીણ પટેલ, 'શશી'



## ઝેરના કટોરા

**જય ગજ્જર,** C.M., M.A. કેનેડા45

"ઘરમાં પેઠો નથી ને પીવાનું શરૂ નથી કર્યું... ક્યારે તારી આ લત છૂટશે?" સીમાએ પતિ વિમલ પર ઊભરો કાઢ્યો.

"આ લત નથી. પીવામાં જ જિંદગીની સાચી મજા છે. ખાખરાની ખિસકોલી સાકરના સ્વાદમાં શું સમજે.." રમનો પેગ બનાવતાં એ બોલ્યો.

"તારી એ મજા એક દિ તારો જીવ લેશે... તારો નહિ તો જરા અમારો વિચાર કર."

"હુ કેર્સ.." બબડતો પેગ લઈ ટીવી સામે સોફા પર બેઠો.

સીમા વાદવિવાદમાં ઉતર્યા વિના કિચનમાં ચાલી ગઈ. પત્ની અને માબાપ સાત સાત વર્ષ કહી કહીને થાકી ગયાં પણ કદી કોઈના શબ્દોની અસર થતી નહોતી. ઉદ્ધત બની એમને બેફામ જવાબ આપતો. ગુસ્સે થતો અને ઘર છોડીને બહાર નીકળી જતો. છેક મોડી રાતે પીને લથડતો લથડતો ઘેર આવતો. બેડમાં પડતો ને આંખો મીંચાઈ જતી.

પત્ની સીમા પડખાં ફેરવતી આંસુ સારતી. પતિનો ન કોઈ પ્રેમ રહ્યો હતો, ન પથારીનું સુખ રહ્યું હતું. જિંદગીથી ત્રાસી ગઈ હતી, હારી ગઈ હતી. ક્યારેક જિંદગીનો અંત લાવવાની ઝંખના પ્રબળ બનતી. વિમલની મમ્મી અવારનવાર એને હિંમત આપતી, "તારે માટે નહિ તો તારાં બે પ્રેમાળ બાળકો માટે તારે જીવવાનું છે. તારે એમને મા અને બાપ બંનેનો પ્રેમ આપવાનો છે. સીમા, નસીબમાં જે લખ્યું હોય તે કોઈ મિથ્યા કરી શકતું નથી. લાગે છે કે તું કે હું એને સુધારી શકવાનાં નથી. એમ માનીને જીવ કે એ તારી દુનિયામાં નથી. દુનિયામાં કેટલી બધી વિધવા સ્ત્રીઓ કેવું હાડમારીભર્યું જીવન જીવે છે!"

વિધવા શબ્દ એને વિહ્વળ બનાવી દેતો. છતે પતિએ એ વિધવાનું જ જીવન જીવી રહી હતી. ન કોઈ આનંદ રહ્યો હતો. ન કોઈ રસ રહ્યો હતો. ન કોઈ સાથે હસીને વાત કરી શકતી. એક મા સિવાય ન કોઈ પાસે હૈયું ખોલી શકતી.

સાત વર્ષ પહેલાં વિમલે પીવાની શરૂઆત કરી હતી એક શોખ ખાતર, મજા ખાતર. પણ એ શોખ, એ મજાએ એનો પીછો ન છોડ્યો. એ દારૂની લતે ચઢી ગયો, એટલું જ નહિ સાથે સાથે ઈર્ષાની ટોચે પહોંચી ગયો. સીમાને કોઈ પુરુષ સાથે વાત કરતી જુએ તો એ વિફરતો. ન કહેવાનાં વેણ કહેતો અને પત્નીને ઢોર માર મારતો. સીમા મનોમન ગુસ્સે થતી અને પાસે પડેલા ધોકેણાથી એને ટીપી નાખવાનું મન થતું. પણ મન કાબૂમાં રાખી ચૂપચાપ બધું સહી લેતી. પોતે વિમલની પત્ની છે, પત્નીથી પતિ સામે આંખ પણ ઊંચી ન કરાય એ શાસ્ત્ર વાક્યનું ભાન થતાં હૈયું પીગળી જતું.

સમયના વહેણ સાથે નરમ બની બધું સહી દિવસો પસાર કરતી. એમ કરતાં સાત વર્ષનાં વહાણાં વાઈ ગયાં. ન પતિ સુધર્યો, ન પરિસ્થિતિ સુધરી. બલકે દિવસે દિવસે કથળતી ગઈ.

મન ભાંગી પડતાં, એક વાર પતિ સામે બે હાથ જોડી કરગરી આજીજી કરી, "મારે ખાતર નહિ તો આ તમારા દીકરાઓ માટે પીવાનું છોડી હેવાનમાંથી માણસ બનો. જરા સીધી લાઈન પર આવો."

"શી ખાતરી એ મારા દીકરા છે ? તારા ચેનચાળા અને લક્ષણોથી હું અજાણ નથી. કેટલા બધા પુરુષ મિત્રો તારું ઉપરાણું લે છે! એ બધા તારી પાછળ લટ્ટુ છે!"

પીધેલી હાલતમાં બેફામ એ બોલે જતો હતો.

સીમા મનોમન ઉશ્કેરાઈ ગઈ. બેફામ શબ્દોનો બેફામ જવાબ આપવો હતો પણ એની જીભ સીવાઈ ગઈ. પતિની જગ્યાએ બીજું કોઈ આ શબ્દ બોલ્યું હોત તો એની જીભ કાપી નાખી હોત. બેડરૂમપર દોડી જઈ એ હૈયાફાટ રડી. કેરોસીન છાંટી બધાનો અંત લાવવા તૈયાર થઈ ત્યાં માએ ઉપર આવી એને માથે હાથ ફેરવી પાછી કુમળાં બાળકોની યાદ અપાવી. નમાયાં બાળકોની યાતનાની વાત કરી. એ સાંભળી મન મક્કમ કરી કદી આપઘાત ન કરવાનો નિર્ણય કર્યો. એ પછી પતિને સન્માર્ગે વાળવા બહુ પ્રયત્નો કરતી રહી. પણ પથ્થર પર પાણી ! દિવસે દિવસે એની લત વધતી ગઈ.

"આવો પતિ હોય તોયે શું અને ન હોય તોયે શું ?" એમ વિચારી દૂધમાં વિષ ઘોળી એને શાંતિથી સૂવાડી દેવાનું ઘણી વાર મન થતું. પણ એ કુવિચાર અમલમાં ન મૂકી શકતી.

છેવટે એ હારી ગઈ. મન મક્કમ કરી એવો નિર્ણય લઈ બેઠી. દૂધમાં વિષ ઘોળી પતિ પાસે આવી.

ફાટેલા ડોળા સામે જોઈ એ હસીને બોલી, "શરીર કેવું કરી નાખ્યું છે ! લો, આજ મારા હાથનું આ દૂધ પી મને ધન્ય કરો. એક વાર મારી સામે જોઈ હસીને મને કહો 'આઈ લવ યુ.' અને ઈશ્વરને ખાતર આ લત છોડી દો..."

વિમલ ખડખડાટ હસ્યો. સીમાનો હાથ પકડી ત્રાડ પાડી બોલ્યો, "એમ તને મારાથી છૂટકારો નથી મળવાનો. રાંડ, તારે મારો કાંકરો કાઢી નાખવો છે ? મને કાયમ માટે સૂવાડી દેવો છે ?"

એના હાથમાંથી દૂધનો ગ્લાસ લઈ ફગાવી દીધો અને એક પેગ લઈ બેડરૂમમાં ગયો.

સીમા હેબતાઈ ગઈ. પતિના અણધાર્યા શબ્દોથી એ ડઘાઈ ગઈ.

'પતિને પોતાના એ પગલાની કેવી રીતે ખબર પડી હશે?' એ કંઈ કલ્પી ન શકી.

કદાચ ન કરવાનું કરી બેસશે એમ વિચારી એનું મન બીજે માર્ગે વાળવા નાના દીકરા પપુને બાપુની પાસે મોકલ્યો.

બંને બાળકો બાપુની પરિસ્થિતિ જાણતા હતા. પિતાની ખોટી લતથી એ ક્યારેક શરમાઈ જતા. પણ જાણતા હતા કે બાપ એમનું સાંભળવાનો નહોતો અને થપ્પડ મારી દેશે એ બીકે એની પાસે જતાં કે કંઈ કહેતાં ડરતા. ક્યારેક નાનો પપુ ડેડી સાથે બેસી સારી વાતો કરતો. મમ્મીની મનોદશા અને બાપની અવદશાથી બંને હેબતાઈ ગયાં હતાં. આજનો તમાશો જોઈ નાના પપુને હિંમત આવી. વ્હિસ્કી પીવાની તૈયારી કરતા પિતાની પાસે બેડ પર બેસી એમના બે હાથ પોતાના હાથમાં લઈ પંપાળતાં પપુએ પૂછી નાખ્યું, "હેં ડેડી, પીવામાં બહુ મજા પડે છે ? એક ઘૂંટડો મને તો ચખાડો..."

વિમલ ડોળા ફાડી દીકરા સામે જોઈ રહ્યો. દશ વર્ષના પપુને શો જવાબ આપવો એ સૂઝ્યું નહિ. ઘડીભર તો પોતે જરાક શરમાઈ ગયો. દીકરા સામે જાણે ભોંઠો પડી ગયો. એને ધમકાવીને કાઢી મૂકવાનું મન થયું.

પપુના શબ્દોથી ઉશ્કેરાયેલા વિમલે ડોળા ફાડી એની સામે જોઈ એક થપ્પડ મારીને કહ્યું, "આ તો ઝેર છે ઝેર, દીકરા કદી ન પીવાય..ઝેરનાં તે કંઈ પારખાં હોય.."

"તો તમે કેમ પીઓ છો?"

"તું મારી સામે બોલે છે ? નાને મોઢે... આજકાલ તું બહુ ફાટી ગયો છે..."

વિમલ શું બોલી રહ્યો હતો એનું એને ભાન નહોતું. ભાન ગુમાવી ચક્કર ખાઈને જમીન પર ઢળી પડ્યો.

પપુએ માને બૂમ પાડી. સીમા દોડી આવી. પતિની ફાટી ગયેલી આંખો સામે જોઈ ગભરાઈ ગઈ.

૯૧૧ પર ફોન કરી એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલમાં એમરજન્સીમાં એને દાખલ કર્યો.

તાત્કાલિક બધા ટેસ્ટ થયા. ડોકટરોએ નિદાન કર્યું.

"એનું લીવર ખલાસ થઈ ગયું છે. બહુ જીવવાની હવે આશા નથી. સિવાય કે લિવર ટ્રાન્સપ્લાન્ટ કરીએ..."

સીમાએ પતિ સામે દયાર્દ્ર નજરે જોયું.

"હવે તો દર્દ બિલકુલ સહન થતું નથી. મોત આવે તો સારું." બોલતાં વિમલની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

સીમાને કહેવાનું મન તો થઈ ગયું, "તમે એજ લાગના છો. તમે તમારી લતમાંથી છૂટશો અને અમે બધી યાતનાઓમાંથી છૂટીશું."

પણ આખરે સ્ત્રીનું હૈયું હતું. એણે એક હરફે ન ઉચ્ચાર્યો.

પાસે ઊભેલો પપુ આંસુ લૂછતાં બોલ્યો, ડેડી, ઝેરના કટોરા ન પીધા હોત તો આ દિવસ જોવાનો વારો ન આવત."

વિમલે પપુની સામે જોયું. એના જ શબ્દો એ બોલ્યો હતો. એમાં કોઈ કટાક્ષ નહોતો. નાનો પપુ એને હોંશિયાર લાગ્યો. એના શબ્દોમાં એક દીકરાના બાપ માટેના પ્રેમની વ્યથા હતી. દીકરાની આંખમાં આંસુ જોઈ વિમલની આંખો ઝડપથી દીકરાની વ્યથા પારખી ગઈ.

એક પડકાર આજ એની સામે હતો એનો વિચાર પહેલ વહેલાં મનોભૂમિ પર ઝબક્યો.

"સાચી વાત છે, બેટા. ઝેરના કટોરાની વાત મારે ગળે ન ઊતરી. પણ લાગે છે કે બહુ થયું. આજ હું નક્કી કરું છું કે આ ઝેરના કટોરાની વાત મારા જેવા લોકોને ગળે ઊતારવા હું જીવીશ.. મન મક્કમ કરીને હું જીવીશ... તમને બંનેને ડોક્ટર બનાવીને ઝંપીશ...."

હિંમત કરી એ કોટમાં બેઠો થયો. પથારીને તિલાંજલી આપી ઊભો થયો. સીમાને લાગ્યું કે પતિ પાગલ બની રહ્યો છે. પાગલ પતિના પાગલ શબ્દો માનવા સીમા તૈયાર નહોતી.

ઘરડાં માબાપ પણ શું થઈ રહ્યું છે એ માનવા તૈયાર નહોતાં.

સીમા પતિની પાસે જઈ એના બે હાથ પકડી આંખોમાં આંખો મિલાવી તાકી રહી.

ડેડી, તમે ભાનમાં છો ?" સામે ઊભેલા પપુએ પૂછ્યું.

"હા બેટા, હું પૂરા ભાનમાં છું. હું બહુ લાંબું જીવવાનો છું. તમારે હવે ચિંતા કરવાની જરૂર નથી. તમને અને તારી મમ્મીને સુખને ટોડલે બેસાડીને જ મરીશ...સીમા, મને માફ કરજે હું દિશા ભૂલ્યો હતો.. એક પતિની, એક પિતાની ફરજ ભૂલ્યો હતો... તમને બધાંને બહુ દુઃખ આપ્યું છે...હજુ કંઈ મોડું નથી થયું.. ચાલો જાગ્યા ત્યાંથી સવાર... ડોક્ટરને કહો કે ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની તૈયારી કરે."

વિમલની આંખોમાં પરિવર્તનની ચમક હતી. સીમા અને બાળકોમાં નવા જીવનની આશાનાં શુભ ચિહ્ન હતાં.

ભાંગી પડેલાં ઘરડાં માબાપે કોઈ માડીનો ચમત્કાર માની મનોમન અંબામાની બાધા રાખી.

## જાને કૈસે યે ધરતી ખમી હૈ

**ડૉ. દેવેન્દ્ર ભટ્ટ, ગુજરાત**

આ ધરતીનો કેવો મોટો ઉપકાર છે ? આટલા બધા અનાચાર થતા હોવા છતાં એ પડખું ફેરવતી નથી. ધરતી માતા છે. એના કણેકણમાં મીઠી સોડમ હોય છે. માટીની મહેકની ખબર તો પહેલા વરસાદનાં રીમઝીમ ફોરાં વખતે જ સમજાઈ જાય છે. આખું વરસ તપીને વરસાદથી ભીંજાયેલી માટીની ફોરમ કોઈ જુદો જ આનંદ આપે છે.

ક્યારેક એના પર વસંતનું સામ્રાજ્ય જોવા મળે છે તો ક્યારેક પાનખરનો જર્જરિત વૈભવ. ક્યારેક શિશિરના સુસવાટા તો ક્યારેક અગનજાળ વરસાવતી લૂની વચ્ચે રેતીની ડમરીઓ ઉડાડતી ધરતીનું સૌંદર્ય અવનવાં રૂપ ધારણ કરે છે. ત્રણે બાજુથી જેને ગળી જવા ટાંપીને બેઠો છે એવો મહેરામણ માથાં પછાડે છે. સાગરની કટિમેખલા જેવો આસમાની વૈભવ અને ક્ષિતિજના મેઘધનુષ ઓઢીને અનેક રંગોનો અનુભવ કરાવે છે. ક્યારેક એની પડખે દુષ્કાળના ઓળા ઊતરી આવે છે તો ક્યારેક સુકાયેલા ઘાસના ચીરા એના પગની પાનીને રુક્ષ બનાવી દે છે. હરિયાળી ઘાસની બિછાત અને વનરાજિની ઘટાઓ ધરતીના હૃદયની આર્દ્રતાની ચાડી ખાય છે.

આપણી જેમ ધરતી પર પશુ છે, પંખી છે, અબોલ જીવ છે, પેટે ચાલતાં અળસિયાં છે અને કોશેટોમાં સેવાતી ઈયળો છે. આમાં બધાથી ભારે અને અણગમતા અતિથિ જેવા માણસનું પ્રાગટ્ય ધરતીને ભારે પડી ગયું છે. કારણ કે સાગરે માઝા મૂકી નથી અને માણસે મર્યાદા રાખી નથી.

મારી અને તમારી વચ્ચે કેવા કેવા માણસોની જમાત અળસિયાંની જેમ ગૂંચળાં વળીને અસ્તિત્વ માટે તરફડિયાં મારે છે ? માણસ પાસે બુદ્ધિ છે તે વિકાશ કરતાં વિનાશ માટે ઝાઝી વપરાય છે. આવડત છે તો એનો ઉપયોગ સમાજનું અસ્થિતંત્ર તોડી નાખવા માટે પણ થાય છે. શક્તિનો ઉપયોગ બીજાને ડરાવવા માટે થાય છે. સત્તાનો ઉપયોગ બીજાના અધિકારોને કચડવા માટે થાય છે. ન્યાયતંત્રનો ઉપયોગ નિર્દોષને સજા કરવા માટે થાય છે. સુરક્ષા માટે કામ કેરવાનો દાવો કરતી પોલીસનો ઉપયોગ લાઠી વીંઝવા માટે થાય છે. માણસની ચારે બાજુ વિષચક્ર અને કાંટાળી વાડ બંધાયેલી છે. એમાંથી બહાર નીકળવા હવાતિયાં મારવાનો પ્રયાસ સૌ કોઈ કરે છે. જે ફાવે છે એ ડાહ્યો ગણાય છે. એની આવડતની પૂજા થાય છે. જે ફાવતો નથી એ ઠોઠ નિશાળિયો ગણાય છે જેની અણઆવડતની મશ્કરી થાય છે.

ધરતી આવા માણસોનો ભાર શી રીતે સહન કરતી હશે ? જ્યાં ચારે તરફ અરાજકતા હોય, અંધાધૂંધી અને વાવાઝોડું હોય, કાયદો અને વ્યવસ્થાનો મનફાવતો અર્થ થતો હોય, ગરીબને પ્રારબ્ધના ભરોસે ફૂટપાથ પર છોડી દેવાતો હોય, સિદ્ધિનાં બણગાં ફૂંકવા માટે શંખનાદ થતો હોય, અમીરોની પગચંપી માટે વેતિયા માણસો લાઈન લગાડીને બેઠા હોય, જ્યાં સ્ત્રીને વાસના માટેનું રમકડું માનવામાં આવતું હોય, અને એ જ સ્ત્રી માટે 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે' ની સુફિયાણી વાતો થતી હોય, જ્યાં કૌભાંડો અને દલીલોની પરંપરા પગ પાથરીને બેઠી હોય, જ્યાં પ્રજાને લૂંટવા જાતે આરોગ્ય સાથે ચેડાં કરવા ફ્રી હોલ્ડિંગ પદ્ધતિથી પરવાના અપાતા હોય, જ્યાં પ્રજાના લોહી ચૂસીને સમૃદ્ધ થવાનાં સ્વપ્નાં સેવાતાં હોય અને બહારથી સેવાપરાયણતા અને અસરકારકતાનો દંભ રચાતો હોય ત્યાં ધરતી દાઝતી નહિ હોય ?

આપણા સમાજની કાચિંડાની જેમ રંગ બદલતી અસલિયત બહુ ઓછા લોકો જાણે છે અને જે જાણે છે એ બોલતા નથી. પ્રબુદ્ધ નાગરિક બધું સમજે છે પણ ટૂંકા સ્વાર્થ માટે એ બોલતો નથી. આવી રાજરમત બધા ક્ષેત્રને આભડી ગઈ છે. પરીક્ષા, વેપાર, ધંધો, નોકરી, બેંકિંગ, બજાર, આરોગ્યાલયો, સ્મશાન અને ગંગાના કિનારે અસ્થિ પધરાવવા જવાનાં પાટિયાં ચીતરીને બેઠેલાં માણસો સુધી એનો દોર લંબાતો જાય છે.

રિવાજ, વહેમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા, દોરાધાગા, હવન, કર્મકાંડ અને પૂજાનો આશ્રય લઈને નિર્દોષ લોકોને છેતરવાનો સમયબદ્ધ, તાલબદ્ધ કાર્યક્રમ ચાલી રહ્યો છે. 'હાઉસ ફુલ'નું પાટિયું ધરાવતા થિયેટરો અંદરથી અર્ધા ખાલી હોય છે અને કાળાબઝારમાં ટિકિટો મળતી હોય છે. શ્રદ્ધાળુઓની ભીડ ધરાવતા મંદિરોમાં ખીસ્સા કાતરુઓના ઈજારા હોય છે. લોકો સમજપૂર્વક અપકૃત્યો કરતા હોય છે અને એ બાબતનો અફસોસ કરવાને બદલે તેમાં ગર્વ લેતા હોય છે. પોતાની હવસ સંતોષવા માટે દુષ્કૃત્ય કરનાર માનવીને સહેજ પણ પસ્તાવો ન થવાનો હોય તો પછી એને શિખામણ આપવાનો શો અર્થ ?

છતાં યે ગાદીપ્રિય સંતો આશિર્વાદ અને વચનચિઠ્ઠીનાં આશ્વાસનો આપતા રહે છે. અંધશ્રદ્ધાળુઓ ચપટી ભસ્મનું પડીકું લઈને ખૂબ ખૂબ ધન્યતા અનુભવતા હોય છે. અંધ અને અજ્ઞાનીમાં ઓછો શાપિત આંધળો એવું કહેનારા માણસો સાચા છે. કારણ કે અંધ માણસે કુદરતે આપેલી મર્યાદા સ્વીકારી લીધી છે જ્યારે અજ્ઞાની માણસે જ્ઞાન મેળવવાનો પ્રયાસ જ કર્યો નથી. એની પાસે નિષ્ઠા નથી. જ્ઞાન મેળવવાની ઈચ્છા કે વૃત્તિ નથી.

લોકો બૂમો પાડે છે કે હવે જીવવા જેવું રહ્યું નથી. ધરતી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારે છે. એક ગોઝારા ધરતીકંપની ધ્રૂજારીએ માનવીને પરચો આપી દીધો છે છતાં એમાંથીએ લાભ ઉઠાવી જનારા માણસોને આપણે શું કહેવું. ? વેરાયેલા વિનાશમાંથીયે વેપારની સામગ્રી શોધનાર માણસો પ્રત્યે ધરતીને પણ નફરત થતી હશે. એટલે જ કહેવાનું મન થાય કે કઈ રીતે ધરતી આ પાપનો બોજો સહન કરતી હશે ?

જવાબ કદાચ ગની દહીંવાળાની ગઝલમાં મળશેઃ

શ્રદ્ધા જ મારી મને લઈ ગઈ મંજિલ સુધી
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ !

દિવસ અને રાત્રિ એ તો મહાકાળના મહાસાગરના નાના બિંદુ માત્ર છે. આમ ગણો તો એ માણસની કલ્પનાએ સર્જેલા ભ્રમ માત્ર છે. સમુદ્રના મોજાંની જેમ એ ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે. મહાકાળની ગણતરીમાં એની કોઈ નોંધ થતી નથી કે એનો કોઈ હિસાબ પણ નથી. તેમ છતાં ક્ષણોમાં વહેંચાયેલો આ સમય માણસની જિંદગીમાં અલૂપ્ત છાપ મૂકી જાય છે. એક ક્ષણિક નિર્ણય એના જીવનની ગતિ અને દિશા બદલી નાખવા સમર્થ છે. એક દિવસ કે રાત્રિમાં બનેલી નાની એવી ઘટના સમગ્ર ભાવિ જીવન પર છવાઈ જાય છે. એક ક્ષણ જિંદગીને અધોગતિને માર્ગે કે ઉન્નતિના માર્ગે લઈ જવામાં નિર્ણાયક બને છે. એટલું જ નહિ પણ તે વ્યક્તિની સાથે સંકળાયેલા અનેક લોકોના જીવન પર પણ અસર કરી જાય છે. ઘણી ઘટનાઓ માણસના કાબુની બહાર હોય છે તો ઘણા નિર્ણયો માણસના પોતાના હોય છે. તમારા નિર્ણય કેવા લેવા એ તમારે નક્કી કરવાનું છે.



## ચાલો પઢીએ થોડા પાઠ. . .


**પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા**

રેજિના બ્રેટ, એક્રોન-ઓહાયોના, **'બીકન જર્નલ'**માં સ્ટાર લેખિકા હતી. સાતેક વર્ષના આ દોર દરમ્યાન એને સ્તન કેન્સર થયું, અને સફળતાપૂર્વક એનો ઉપચાર પણ થયો. ક્લીવલૅન્ડ, ઓહાયોના **'ધ પ્લેઈન ડીલર'**માં હવે એની કોલમ બુધવાર, શુક્રવાર અને રવિવારે આવે છે. જિંદગીમાં એ જે શીખી, એ પાઠ, 'લેસન ઈન લાઈફ' માટે વાચકોની સતત માંગ રહી છે. મને પણ આ વાંચવાની તક સાંપડી. પચાસ વર્ષની એ થઈ. જિંદગીના અર્ક સમ પચાસ તારણો મેં જે ગોત્યા, એ અત્રે રજૂ કરું છુંઃ

- સઘળું સારું છે, પરંતુ બધું વ્યાજબી કે અનુકૂળ હોવું જરૂરી નથી.
- શંકા, સંશય કે સંદેહ, આ તો રહેવાનાં. માટે, આગળનું પગલું નાનું અને સચેતતાપૂર્વકનું ભરવું જોઈએ.
- જિંદગીનો કોઈ ભરોસો નથી, ગમે ત્યારે ઢબ થઈ જવાય ! તો, મળેલ સમયનો વ્યય બીજાને ધિક્કારવામાં શા માટે કરવો ?
- દયાજનક લાંબી પાર્ટીઓ માટે જિંદગી અતિ ટૂંકી છે. જીવવામાં ગળાડૂબ વ્યસ્ત બનો, નહીં તો મરણશૈયામાં સત્વરે પોઢી જાઓ.
- ના લો સ્વને ગંભીરતાથી, બીજા જરાય એ રીતે તમારો વિચાર કરતા નથી.
- ઉધારી સારી નથી. કૂદકેને ભૂસકે એનું વ્યાજ તો વધ્યા જ કરવાનું. ક્રેડિટ કાર્ડની દેણી દર માસે અચૂક ભરપાઈ કરી દેવી.
- દરેક દલીલનું પરિણામ ખુદની તરફેણમાં ના આવે, સંમત થઈને પણ અસંમતિ દર્શાવી શકાય.
- એકલા કરતાં બીજા સાથે રડવામાં અડધું દુઃખ ઓછું થઈ જાય છે.
- બાળકો તમને રડતા જૂએ એમાં કશું અજુગતું નથી. પરિસ્થિતિનો ખ્યાલ, એમનાં ઘડતરનો પાયો બની શકે.
- આનંદમય બાળપણ માટે ક્યારેય મોડું થયું હોતું નથી. પરંતુ, આ તમારા ઉપર જ નિર્ભર છે, બીજા ઉપર તો જરાય નહીં !
- નાચનખરાં અને મોજમજા માટે આજ છે. પછી કરીશ, તો બુઢાપો આવી જશે, અને જાંબુડિયાં ગણવેશમાં લપેટાયેલા હોસ્પિટલના ખાટલે પડ્યા ત્યારે કશું પણ નહીં કરી શકાય !
- ભગવાન ખમી શકે, માટે એની સામે ગુસ્સો પ્રદર્શિત કરવામાં કોઈ હાનિ પણ નથી.
- પ્રથમ વેતનની બચતથી જ નિવૃત્તિનો પ્રારંભ થઈ જાય છે.
- ચોકલેટ, જીભને એનો મોહ છે. પ્રલોભનો સામેનો પ્રતિકાર પણ ઝાઝો ટકતો નથી.
- ભૂતકાળ સાથે સમાધાન કરો તો જ વર્તમાન સાથે મેળ પડે. ગઈ ગુજરી ભૂલો, વર્તમાન સુધારો.
- આજને માણતાં શીખો, કોઈ પણ પરિસ્થિતિમાં પાર નીકળી શકશો.
- ભોગ અને સંભોગનું મહત્ત્વનું અંગ તમે માનો છો તે નથી, પણ તમારું દિમાગ છે.
- બટકું રોટલામાં સુખ વર્તાય, તો મશરૂના ઢોલિયે નિદ્રા ના પણ આવે ! સુખ ક્યાંય નહીં, પણ ખુદના માનસમાં છે.
- કહેવાતા હર કોઈ સંકટોને આ શબ્દોથી મઢી લો : 'પાંચ વર્ષ બાદ, આનું કોઈ મહત્ત્વ ખરું ?'
- સેજશૈયા ચાદરોથી સજાવો, મબલખ દીવાઓ પ્રગટાવો, સુંદર કપડાં પહેરો. વિશિષ્ટ પ્રસંગ કાજેની આ તૈયારી હોય તો એ ભ્રમ છે. 'આજ' વિશિષ્ટ છે, એને વિશિષ્ટ બનાવી લો.
- દરેકની અલગ જીવન યાત્રા હોય છે, એમની સાથે તમારી જિંદગીની સરખામણી ના કરો. બીજાના વાદ તો ક્યારેય પણ ના કરવા.
- સબંધને ઢાંકવાનો હોય, છુપાવવાનો હોય કે ગુપ્ત સાખવાનો હોય, તો પછી એના ચક્કરમાં પડવું જ શા માટે ?
- આંખનાં પલકારામાં ઉથલપાથલ થઈ શકે. છોડો ચિંતા, પરમાત્મા મટકાં જ ક્યાં મારે છે ?
- લખે તે લેખક. તમારે લેખક બનવું છે ? તો, લખોને મારા ભાઈ !
- જીવનમાં જે ગમે તે કરવું હોય, તો એ પ્રત્યે 'ના'નો સવાલ પેદા જ ના થવો જોઈએ.
- બરાબર તૈયારી કરો, અને વહેણ સાથે તરવા માંડો.
- જિંદગી અમૂલ્ય છે, એને દિલથી ચાહો.
- દિલ મોટું હોવું જોઈએ. ભૂલોને ભૂલો, સર્વને માફ કરો. માફી, બીજાને પોતાના કરવાનું અમોઘ શસ્ત્ર છે.
- બીજા તમારા માટે 'શું ધારે છે ? શું વિચારે છે ?' એ તમારા ચંચૂપાતનો વિષય નથી.
- સમય સર્વ દુઃખોની દવા છે. સમય ઘા ભરશે, અને એ સાજા પણ કરશે.
- પરિસ્થિતિ, સારી કે ખોટી, બદલાવાની છે, બદલાતી રહે છે અને બદલાતી રહેશે.
- કામ, નોકરી કે વ્યવસાય, માંદા હશો તો તમારી કાળજી નહીં લે, પરંતુ સગાસંબંધી ને મિત્રો અવશ્ય તમારી ખબર રાખશે. તેમના સંપર્કમાં રહો, તેમને જાળવો.
- જિંદગી એ અકસ્માત નહીં પણ ઈશ્વરિય ચમત્કાર છે. ચમત્કારમાં શ્રદ્ધા રાખો.
- ચમત્કાર દરેક જગાએ રાહ જૂએ છે, હરરોજ બહાર જાઓ અને એનો સત્કાર કરો.
- શું કર્યું કે શું ના કર્યું, એ માટે નહીં, પરંતુ 'એ' પરમાત્મા છે, માટે ભેદભાવ વગર 'એ' આપણ સઉને એક સરખી રીતે ચાહે છે.
- જે મારતું નથી એ જ શક્તિમય રાખે છે.
- વધતી ઉંમર એટલે જ તો યુવાનીમાં નહીં મરવું.
- બાળકોનું એક જ બાળપણ હોય છે, એને સંસ્મરણિય બનાવો.
- જાપ, સ્તોત્ર, ભજન, પ્રાર્થના, કિર્તન, આદિ મનને શાંતિ આપનારાં છે. આનું રટણ આથી શાસ્ત્રોમાં કલ્યાણમય લેખાયું છે.
- 'મીયા દૂબલે ક્યોં, તો સારે ગાંવકી ચિંતા.' આપણે આપણી સમસ્યાઓનો ખડકલો કરતા રહીયે અને બીજાના પ્રશ્નોને જોતા રહીએ, ખુદની સમસ્યાઓ ખુદને કોટે જ આવીને પાછી વળગે.
- જિંદગીના હિસાબની તપાસણી કદી ના કરવી કાલનું આજે, આજનું હમણાં અને હાલનું આ પળ જ પતાવી દો.
- જે કામનું નથી, જે સુંદર નથી, જે સુખદાયક નથી કે જે થકી આનંદ સંપન્ન થતો નથી, એ સર્વનો સત્વરે નિકાલ કરવો ઘટે.
- જે ખરેખર પસંદ, અંતે તે જ તો ખપનું.
- ઈર્ષા, અદેખાઈ, એમાં સમયનો દુરઉપયોગ છે, વ્યર્થ આ વ્યયની જરૂરત પણ ક્યાં છે ?
- સારું હજી આવવાનું છે, ભવિષ્ય ઉજ્જ્વળ જ હશે. મંડી જ પડો.
- તમને કેવું વર્તાય છે તે અગત્યનું નથી. જાગો, પહેરો કપડાં અને કામે ચઢી જાઓ.
- ઊંડો શ્વાસ લો, મગજ શાંતતા અનુભવશે.
- પૂછો નહીં તો રસ્તો થોડો મળશે ? માંગ્યા વગર મા પણ ના પિરસે. માંગો તો જ પામો.
- માન્ય, સંમતિ, કબૂલાત, શરણાગતિ, કોને ? પણ આ તો સર્વને ખબર જ છે.
- જિંદગી સરક ગાંઠથી બંધાયેલી નથી, છતાં પણ એક અમૂલ્ય ભેટ છે.

પાઠ પઢવા એટલે આંતર ચેતનાને પ્રજ્વલિત કરવી. "જીવો એવી રીતે કે કાલે મોત છે, પણ શીખો એવું કે જાણે સદાને માટે જીવવાનું છે", જૂઓ તો ખરા ગાંધીજીનું આ ટાંકણ કેટલું બધું યથાર્થ છે. ઉપરોક્ત દરેક બાબતો ઉપર ચર્ચા થઈ શકે, પરંતુ અત્યારે તો સમાપન જ ઉચિત છે. જિંદગી જીવી જાણી તો ધન્યતા. પરંતુ, આ કાજે હર પળને જીવંત બનાવવી પડે. ખુદનું આ કામ છે, તો ખુદે જ કરવું પડશે ને ? ⌘ ⌘ ⌘ ⌘

**જીવીમા . . જીવંત પાત્ર    ઉપેન્દ્ર ગોર, યુકે**



ગયા વર્ષે આ સમયે તો અમરે અહીંથી પાછા જવા દાદીમા પાસેથી વિદાય લીધી હતી. ત્યારનું એ દૃશ્ય કેટલું હૃદય દ્રાવક હતું ? આ જ પરશાળની ધારે ઉંમરા પાસે, ઊભાં ઊભાં કેવાં ભાવવિભોર થઈને બોલતા હતા, 'અમર ! રેખા ! સાંભળો. આ શનીવારે વસંતપંચમી છે, વણજોનું મંગલ મૂહરત. જતી વખતે પાછું વાળીને જોશો નહિ, સીધા પોળને નાકે દ્વારકાનાથના દર્શન કરી નીકળી જજો.' તન અને મનથી સ્વસ્થ દાદીમાના ચહેરા પર મમતાનો ભાવ તરવરતો હતો.

'અહીં આવો હવે ! સંજ્ઞા ને દિશા ક્યાં ગયા ? લો આ પરસાદ. ઈશ્વર સૌને સુખી રાખશે.' પણ જવાની ખરી ઘડીએ મૌન બની ગયા હતા.

દાદીમાના હાથનો પ્રસાદ લેવો એ અમરના જીવનનો પરમ લ્હાવો હતો. પહેલાં રોજ શાળાએ જતાં આવો વાર્તાલાપ થતો, પછી વડોદરા કોલેજમાં જતાં અને રેખા સાથે લગ્નગ્રંથિથી જોડાયા બાદ. બીજા વર્ષે સન ૧૯૭૬માં ઉઘડતી વસંતે બ્રિટનપ્રવેશનું વાઉચર મળ્યું ત્યારે પણ વિદાયવેળાએ લાગણીભીના હૃદયે બોલેલાં, 'જાઓ, સુખી થજો. સમયે સહુને જુદા તો થવું જ પડે છે. ઘેર બેઠાં થોડાં જ રોટલા મળશે ? પરદેશે પુરુષાર્થ આદરો. લ્યો આ દ્વારકાનાથનો પરસાદ !' રેખાને માટે હાથ પ્રસારતાં બીજી પળે સાડલાના છેડાથી ભીની આંખ લૂછતાં બોલ્યા, 'એકમેકને સાચવજો. અમરને મેં કદી અળગો કર્યો નથી.' મૂક બની બંને દાદીમાને નમી પડયાં હતાં. પછી પ્રત્યેક વેળાએ આવવાનું થાય ત્યારે જતી વખતે પણ આવો જ પ્રેમભર્યો સંવાદ થતો. આ વખતે તો. . .આ વખતે તો 'દાદીમાને દવાખાને ખસેડયા છે. રસ્તે રઝળતી ગાયના હડફેટે આવી જતાં પડી જવાથી થાપામાં તિરાડ પડી છે. બને તો આવી જજો.' સંદેશો મળતાં જ અમર સહકુટુંબ દોડી આવ્યો. સીધાં જ પહોંચ્યા નડીઆદ ડો. પરમારના દવાખાને. ઈન્ટેન્સીવ કેઅર યુનિટમાં દાદીમાને સૂતેલા, કણસતા, જોયા. મૂક બની સૌ લાગણીશીલ થઈ ગયાં. પાસેના સ્ટૂલ પર અમર અને પાંગતે રેખા બેઠા. ત્યાં દાદીમાએ આંખો ખોલી.

સૌની સાથે આંખ મેળવતા બોલ્યા, 'આવી ગયા ? સારું થયું.' પછી ઊંચે દૃષ્ટિ કરતાં સમજાવ્યું, હવે અહીંથી ખસેડો. ઘેર લઈ જાઓ. જવું તો પડશે જ ને ? ગૌમાનો ધક્કો ! વિકટ માર્ગ સરળ થયો છે.' જરૂરી ડૉક્ટરી સૂચના મેળવી ઘેર લઈ આવ્યા. પણ ઝાઝું ન કાઢયું. બીજે દિવસે સમી સાંજે તો વિદાય લઈ લીધી.

એ હતા ત્યારે ક્યારેય કોઈ વાતનો ઓછાયો નહોતો. માથે શીળી છાયા હતી. એક મહિનો થવા આવ્યો પણ વ્યાપેલા શોકમાંથી કોઈ મુક્ત થયું નથી. દાદીમા વિનાનું ઘર હોય જ ક્યાંથી ? હજુ સ્વીકારી શકતો નથી.

સમીસાંજ થાય ને સામેના વૃક્ષના પડછાયા લંબાતા જાય. સૌ પહેલાં ઘરને પગથિયે અડકે, પછી ઓટલે ચડે ને રવેશમાં પ્રવેશે ને ઘડીકમાં તો છેક પરશાળે પહોંચે. અને અમરને જાણે આ લંબાતા પડછાયા બાળપણમાં પહોંચાડે. સમીસાંજે પોળને નાકે છોકરાં રમતાં હોય ત્યાં દાદીમાની બૂમ સંભળાય, 'અ. .મ. .ર..જો, દીવાટાણું થયું,' ને એ દોડતો ઘેર આવતો. . .ને સહસા પડછાયા વિલીન થઈ ગયા.

'શું કરો છો, ત્યાં ઊભા ઊભા અંધારામાં ?' રેખાનો સ્વર સંભળાયો. તે ઘરના ઓરડામાં આવ્યો. સામે ગોખલામાં માની છબી પાસે દિવો ટમટમતો હતો. હાસ્ય વેરતી મુખાકૃતિ. કાશ્મીરી શાલમાં શોભતા દાદીમા. 'અમર, મારે હવે બાકી શું છે ? વિલાયેલું બધું ખીલી ઊઠયું છે ને ? કેવું કિલ્લોલે છે મારું કુટુંબ. તું, રેખા, સંજ્ઞા, દિશા. . .સુખદ અનુભૂતિ પામવાતો જીવનભર મથી છું ને ?'

દાદીમાના મધુર સ્વરથી ગવાતાં યમુનાષ્ટક, ગંગાહરી ને પ્રભાતિયાંના રણકારથી અમરની સવાર થતી. આંખ ઊઘડે ત્યાં ખૂણેખાંચરેથી ધૂળ ઝાપટતા ને પૂંજો વાળતા દાદીમા દેખાય. ક્યાંય આછી રજકણ જોવા ન મળે અને ગમે તે ઋતુ હોય, વ્હેલાં ઊઠી, નાહી ધોઈ સેવાપૂજા કરીને પોળના નાકે દ્વારકાનાથના મંદિરે દોડે. મંગળા દર્શન કરવા મળે એટલે જાણે પરમ પાવન દહાડો મળ્યો. ઘડીમાં પાછા વળે અને બોલે, 'અમર, લે આ પરસાદ અને હવે ઝટ પરવાર. મારે છાત્રાલયે જવાનું મોડુ થાય છે.' આખો દિવસ અનેક પ્રવૃત્તિમાં એ મસ્ત રહે, નવરાશની પળોમાં કે રાત્રે સૂતી વખતે દાદીમા સાથે અલૌકિક વાતો, સંવાદો થાય. ક્યારેક કુડલિનીની વાતો તો ક્યારેક રામાયણ કે મહાભારતની વાતો તો ક્યારેક ગીતાના રહસ્યોની વાતો. જ્ઞાનવિજ્ઞાનની વાતો પણ દાદીમા સરળતાથી સમજાવે. એ ઉંમરે કેટલુંક સમજાતું ને ઘણું બધું ન પણ સમજાય. પણ બધું કાન માંડીને સાંભળવું ગમતું. દાદીમા બોલતા જ રહે અને અમર ક્યારે ગહરી નીંદમાં સરકી પડે તેની ખબર જ ન રહે. બહુ જ ઊંચું આત્મજ્ઞાન ધરાવતા અમરના દાદીમા ગામના જીવીમા હતા.

ગામની ઉત્તર ભાગોળે બારેમાસ લહેરાતું વડુ તળાવ છે. તેના ચારે કોર વડનાં ઊંચા ઊંચા વિસ્તરેલા વૃક્ષોથી છવાયેલ લીલીછમ હરિયાળી મધ્યે વિશ્વનાથનું દેવાલય છે. તેની એક પડખે શક્તિ વિદ્યાલયમાં ગામના બાળકોની માધ્યમિક શાળા છે અને બીજી પડખે બાળાઓનું કન્યા છાત્રાલય છે. શક્તિ વિદ્યાલયના આચાર્યપદેથી નિવૃત્ત થયા પછી છાત્રાલયમાં ગૃહમાતા તરીકે સ્વેચ્છાસેવાઓ દ્વારા જીવીમા સૌના જીવનમાં કેન્દ્રસ્થાને રહ્યા છે. કંઈકેટલી અનાથ બાળાઓના જીવન સમથાળે પાડી મમતાના સિંચન કર્યા છે. કુમળી કૂંપળસમ કન્યાઓને આત્મસૂઝ અને સમજણ આપી સફળ જીવનના માર્ગે વાળી હતી. અણસમજ માનસ અને જોખમી ઉંમર ! નાવનાં સઢ પૂરાં ઊઘડયાં ન હોય અને સાગરમધ્યે સૂસવાતો વાયરો વાતો હોય તે વખતે જ સુકાની નાવને છોડી દે તો કેવી દશા થાય ? અનાથ બાળાઓની મા બનવું કેટલું નાજુક બંધન છે ? દિશાશૂન્ય હોય પણ સમજશૂન્ય કેમ રખાય ? જીવીમા આવી નિર્મમ અને કુમળી કન્યાઓના મા થયા હતા. રક્તસંબંધે અમરના દાદીમા હતા, ખૂબ નાની ઉંમરે માબાપ વગરનો થયો હતો.

જીવન કલ્લોલતું રહે એજ માત્ર અબળખા હૈયે ઉમટે. દાદીમાને પણ પોતાનો પુત્ર અશેષ અને પુત્રવધુ નિધિની યાદ તાજી થાય ત્યારે કોઈ અજ્ઞાત તંગ રેખાઓ ચહેરા પર ઉપસી આવતી. મેડા પરની અગાસીની ધારે કપડાં સૂકવતાં ક્યારેક અતીતમાં ઊતરી જાતાં. ઊંચે વ્યોમ ભણી તાકતાં કંઈ કેટલીયે વાર અમરે જોયા છે.

દૂરનો ભૂતકાળ, દૂરનું સ્થળ યુગાન્ડાનું પાટનગર, સાત ટેકરીઓથી શોભતી નયનરમ્ય નગરી, કમ્પાલા. તેના સીમાડે કલોલ હીલના રળિયામણે આંગણે વસેલા પુત્ર અશેષના સુખી સંસારમાં અમરના જન્મવધામણીના સમાચારથી ઉરમાં આનંદનો ઉમળકો ઊભરાયો ત્યારે એકવાર ગયેલાં ત્યાં. સુખની અવધિ ક્યારે વળી લાંબી હોય છે ? 'મારે મન એ સ્થળ અને સમય બંને એક તૂટયા, ટૂંકા, સંબંધ જેવું છે. એ દુઃખદ સમીસાંજનું હૃદયવિદારક દૃશ્ય નજર સમક્ષ ઊભરાય. બનેલી દુઃખદ ઘટના. . .ન વિસરાતી, ન સહી શકાતી વેદના, જીવનભર સહેતી આવું છું.'

એ સમીસાંજે, બે દિવસથી સફારીમાં ગયેલ અશેષ અને નિધિને પાછા ફરવાની આતુરતાભરી રાહ જોતાં નાના અમરને રમાડતાં વરંડામાં બેઠા હતા. ત્યાં પહેલાં એક તીણી સાયરન વાગતી સંભળાઈ અને વળતી પળે નજર સમક્ષ સફેદ ચાદરમાં વીંટળાયેલ બે લાશોને નીચે ઉતારતા એમ્બ્યુલન્સના કર્મચારીઓને જોયા. દાદીમા સહસા ગભરાતા માંડ ઊભા થયા અને કાંઈ સમજે એ પહેલાં બંને લાશોને ઘરના વરંડામાં ઉતારી હાથમાં એક બંધ કવરનોટ મૂકતાં મુખ્ય અધિકારી નમ્ર સ્વરે બોલ્યો, 'સોરી, દોડતી કાર ખડકને અથડાતાં બંનેનાં દુઃખદ અવસાન થયાં છે.' કહી, બીજી પળે એમ્બ્યુલન્સ પાછી વળી. એક કારમી ચીસ પાડતાં દાદીમાએ ત્યાં પડતું મૂક્યું.

રડતાં રડતાં દાદીમા નાના અમરને બાથમાં લઈ બોલ્યા, 'અશેષ, મારા રોયા, તેં આ શું કર્યું ? મારા માટે તૈયાર રાખેલ લાકડે મુવાં બંને ! મને વગર લાકડે બાળતાં ગયાં.' જબરજસ્ત આઘાતમાંથી મુક્ત થઈ, 'જેવાં મારા લેખાંજોખાં. બહુ ખોયું, હવે કંઈ ખોવા માગતી નથી.' હૃદયની ગુફામાં આ ઘટના અને વેદના ભંડારી દઈ, અમરનું જતન કરવા વતન ભણી વળી ગયા. અને મન પ્રવૃત્તિમાં પરોવી દીધું.

યુગાન્ડા સાથેનો આ ટૂંકો સંબંધ પણ આ પહેલાં પોતાના પતિને પણ આ સ્થળે જ ખોયા હતા. સત્તર વર્ષની ઉંમરે સોમનાથ વ્યાસ સાથે લગ્ન થયા. યુગાન્ડા આવી સોમનાથ સરોટી જિનરીમાં રોજીરોટી માટે કામે લાગી ગયા. અહીં વનમાં મુક્ત વિહરતી ઝેરી માખી ત્સેત્સેના ડંખથી સતત ત્રણ દિવસ સુધી એકધારા તાવમાં તરફડતા રહ્યા. બધા ઉપાયો નાકાબયાબ રહ્યા અને ચોથે દિવસે તો મૃત્યુને શરણ થઈ ગયા. ત્યારે જીવીમા અશેષના જન્મની રાહ જોતાં દેશમાં દિવસો પસાર કરતા હતા. પતિ ખોયા અને એક માત્ર પુત્ર પણ ગયો. પાછળ મૂકતા ગયા અમર અને વેદનાનો લાંબો લિસોટો. જીવનભર સહેતા જ રહ્યા.

જમીપરવારી અમર મેડા પર આરામ કરવા આવ્યો. રેખા હજુ કામકાજથી પરવારી નથી અને બંને બાળકો અર્ધનિદ્રામાં પડયા છે. આંખોમાં છલકાતી ભિનાશ સાથે અમર વિચારે ચડે છે.

મૃત્યુના પહેલા દિવસે જાણ્યું તે સૌ તો દોડતા આવ્યા. ઘરનો ઓટલો, મેડી, પરશાળ, પોળ, જ્યાં જગ્યા મળી ત્યાં આખી રાત લોકો બેસી રહ્યા. સ્મશાનયાત્રામાં ગામના સરપંચ તથા ગ્રામસેવક વાઘેલા પણ આવેલા. મોટો લોકસમુદાય એકત્રિત થયો હતો. બેસણામાં ને ક્રિયાકાંડમાં પણ લોકો ઊમટતા જ રહ્યા.

દાદીમા પાસે ખપપૂરતો પૈસો ને આ ઘર જ હોવા છતાં કઈ લાગણીના તંતુએ બંધાયા હશે ? હૈયું હળવું થાય એવા મંગળમૂર્તિ હતા દાદીમા. હૈયાના અનોખા ભાવથી સૌ સાથે હળતા, મળતા. ક્યારેક કોક પૂછતું પણ ખરું, 'માજી હવે ઉંમર થઈ. ક્યાં સુધી કામ ખેંચશો ?' ત્યારે હાસ્ય વેરી કહેતા, 'મારે વળી કઈ ઉંમર ?' એ તો પળ પળ મમતા પ્રસારે. આંગણું સ્વચ્છ રાખે અને ઉલ્લાસ અનુભવે. ગામના યુવાનો કામે વળગે કે પરદેશ ખેડે ત્યારે આશિષ આપતાં બોલે, 'જા બેટા, પુત્ર તો પરદેશ જ શોભે. પુરુષાર્થ કરજે સૌ સારા વાના થઈ રહેશે.' કોડભરી કન્યાઓ લગ્ન કરી વિદાય લે ત્યારે પણ કહે, 'ઘર ખોરડાં સંભાળજો. વાણી ને પાણી સાંચવી જાણી એ સાચું જિવન જીવી જાણી.' કોઈ નવદંપતી મા પાસે મીંઢળ છોડવા આવે. મીંઢળ છોડે ત્યારે તુલસીપત્ર આપતાં કહે, 'નવજીવન પામો. લાલજી સૌને જોઈએ એટલું આપશે. કીડીને કણ, હાથીને મણ, પંખીને ચણ ને ગાયને નીરણ મળી જ રહે છે.' સૌ કોઈના સાથમાં સૂર પૂરાવે. કોઈનું મંડાતું ઘર હોય, કોઈનું વિખાતું ઘર હોય. સૌને સાચી સલાહ આપે. લાલજીનો પરસાદ આપી મન શાંત કરતા.

બરાબર આ સમયે નીચે ઓટલા પર બેઠેલ સ્ત્રીઓનો ત્રુટક ત્રુટક વાર્તાલાપ અમરને કાને પડયો, "મા બોલેલાં, 'બેટા, પાલવ સાંચવી જાણજે. ને આપણા બે બાહુ વિસ્તરે, સ્નેહ સ્રવે એજ આપણો વૈભવ. સુખી સંસાર તો આપણા ઉછંગમાં ઉછળે. આ છે આપણી અંતરંગ સીમા ! જીવન ધબકતું રાખવું આપણા હાથમાં છે."

બીજી એક સ્ત્રી બોલી, 'રેખા બોન, પાંચે આંગળીએ પૂજ્યાં હશે તાં તમને આ મા સાંપડયાં. અમે પણ એકવાર ભર્યા ભર્યા ઘરમાં આવ્યા હતા પણ ક્યારે બધું ખાલી થઈ ગયું ખબર ન પડી. ધંધો, મિત્રો, પાર્ટીઓ, કાર્યક્રમો બધુંય જતું રહ્યું. હાથેપગે થઈ હતી ત્યારે માએ ધીરજ આપી બરાબર છ માસ સુધી. રોજે રોજે હિંમત આપી કામે વળગાડી દીધી.'

અમરને આ સાંભળતાં પરમ દિવસે બનેલો બનાવ યાદ આવ્યો. એક ગ્રામ્ય બાઈ ઓશરીમાં ઊભી છે. અમરને જોઈ નમન કરતાં પોક મૂકી રડી પડી અને બોલી, 'ભઈ ! તમારા તો દાદીમા હતા પણ અમારા તો જીવંત સ્વરૂપે દેવીમા હતા.'

'કેવી રીતે ?'

'હું જાતે એકલી બાઈમાણહ ! મારો નાનકો માંદો પડયો ત્યારે એક મહિના સુધી રાતભર જાગીને દવાખાને બેઠા હતા. મોતના આંગણેથી નાનકો પાછો આવ્યો. મારી આંખ લૂછી છે. રોજ ભાતનું ઓસામણ ને મગનું પાણી પાય ને રાત આખી મૃત્યુંજયના જાપ જપે !'

નીચે હવે વાર્તાલાપ અટક્યો છે. સૌ વિખરાયા છે અને રેખા ઘર બંધ કરી ઉપર આવી. અમર વિચારતો આડો પડયો છે. બાળકો ઘેરી નિદ્રામાં છે. આવતાં જ રેખા બોલી, 'સૂઈ ગયા ? જુઓ તો, ચંદ્રામાસીએ કેસેટ આપી છે. કેનેડાથી તેમની વિશાખાએ મોકલી છે.'

અમર ઊભો થયો ને ઓડિયો ટેપ ગોઠવી. ઓડિયો ટેપમાંથી ધીમા સ્વરે શબ્દો સરકે છે.

'અમરભાઈ, રેખાબેન ! હું વિશાખા બોલું છું. હજુ હમણાં જ અહીં ટોરોન્ટોમાં અમારે ઘેર, ન્યૂજર્સી, અમેરિકાથી આપણી ડો.ફાલ્ગુની ભાવસારનો મેસેજ મળ્યો કે જીવીમાએ આપણને છોડીને શ્રીજીનું શરણું લીધું છે. અમે અહીં આટલે દૂર જાણે ફરી અનાથ બની ગયાં, મા વિનાનાં. સાચું કહું ? લોહીના સંબંધે તો બંધાયા નહોતા પણ સગી મા કરતાં અધિક હતા. ભેગાં થઈને ભજન કરીએ છીએ. લો હવે, આપણા વિદ્યાલયમાં અંગ્રેજી શીખવાડતા વિક્ટર અંકલની કઝીન રોઝી એલ.એ.થી હમણાં હોલીડે પર અહીં આવી છે, તે બોલે છે, 'This is Rozy speaking. I feel really very sorry, dadima is no more with us ! She must have reached to the eternal Motherland. God bless her.'

હવે મેઘનાનો ધ્રૂજતો સ્વર સરકે છે, 'બહેન, ગયા વરસે હું ત્યાં મળી હતી. માને પૂછ્યું કંઈ જોઈએ છે ? મા બોલ્યાં, 'દીકરી, તમારું મને ન ખપે. મારે શું જોઈએ ? જો સામેના મંજૂસમાં નવાંનકોર કપડાંની જોડ મેલી છે અને આ તુલસીમાળા. હું જઉં ત્યારે, અહીં હો તો. પ્હેરાવજો.' કંઈ ના લીધું. આટલા વહેલા જતા રહેશે, મને ખબર ન પડી.'

અને ચોથી, સાધના તો રડી પડી, 'અમે તો વનની વેલીઓ હતી, ક્યાંક રવાડે ચડી હોત. માએ જતન કરી સૌભાગ્યને વાડે ચડાવી, વળાવી હતી. જુઓ મઘમઘતા ઉપવનો મહેકે છે.'

ટેપ સાથે મોકલેલા કવરને ખોલતાં અંદરથી નીકળે છે રૂપીઆ ચાર લાખનો ભારતીય ચલણનો ડ્રાફ્ટ, 'કન્યા છાત્રાલયની અનાથ બાળાઓના લાભાર્થે આ ફૂલપાંદડીરૂપે પુષ્પાંજલિ.'

જીવીમાના સંતાન હોવાના અદકેરા ગર્વ અનુભવતા અમર અને રેખા વિચારી રહ્યા, 'દાદીમાએ તો આત્માના આંગણા અજવાળ્યાં.'

## આપણા શકભાજી - બટેટા (અનુસંધાન પાના ૮ પરથી)

જો બટેટા ન હોય તો ધાર્મિક તહેવારોના ઉપવાસ અને પુરુષોત્તમ માસના એકટાણાં આકરા જરૂર લાગત. આમેય તે હિંદુ ધર્મ સગવડતાઓ અને અપવાદોથી ભરપૂર છે. અહીં આભડછેટ સો મીટર દૂરથી હવામાં તરતી તરતી પહોંચી જાય કે પાણીની ધાર વાટે ચડી જાય તો એ જ આભડછેટ શ્રી રામ કે શ્રી કૃષ્ણનું નામ બોલી એક ચમચી પાણી છાંટવાથી જતી પણ રહે !

ઘણા વર્ષો પહેલાં સિડનીથી મેલબર્ન દોડવાની શરતમાં વિજયીતા બનનાર એક સાઠ વર્ષની ઉંમરનો કીથ યંગ નામનો બટેટા ઉગાડનાર ખેડૂત હતો. પોતાના જ ખેતરમાં બટેટા ઊગતા હોય તો તે કેટલા બટેટા ખાતો હશે તેનો અંદાઝ કરી લો. તો પણ ન તો એ જાડો હતો કે ન તેને હૃદયની બિમારી હતી. બટેટા કંદમૂળ હોવાથી તેમાં ખનીજ પદાર્થો તો ભરપૂર હોય જ પણ તેમાં વિટામીન, પ્રોટીન ને કાર્બોહાયડ્રેડ પણ ઘણા છે.

'વોશિંગટન પોટેટો કોન્ફરન્સ'ના સંશોધન પ્રમાણે બટેટા નિયમિત પ્રમાણસર આહારમાં લેવાથીઃ

- બટેટાના કાર્બોહાઈડ્રેડથી વજન વધતું નથી કારણ તેમાં ચરબી જરાપણ નથી.
- બટેટાના કાર્બોહાઈડ્રેડથી લોહીમાં ખાંડનું પ્રમાણ વધતું નથી, પણ બેઠાડુ જીવન હોય તો નહિંવત પ્રમાણમાં વધવાની શક્યતા છે.
- બટેટાના કાર્બોહાઈડ્રેડથી ડાયાબેટીસ, હૃદયની બિમારી કે કેન્સર થવાની શક્યતા નથી.

રોજીંદા ખોરાકમાં દોઢસો ગ્રામ બટેટા છાલ સહિત લેવાથી કેલરી - ૧૧૦ અને કોલેસ્ટરલ - 0, મળે છે. તે ઉપરાંત શરીરની દૈનિક જરૂરિયાતના જે તત્વો મળે છે તેની ટકાવારી નીચે પ્રમાણે મળે છેઃ

| | |
|---|---|
| સોડિયમ - 0, | પોટાસીઅમ - ૩, |
| પ્રોટીન - ૧૮, | વિટામીન એ -0, |
| વિટામીન સી -૪૫, | વિટાબીન બી - ૧૦, |
| કેલ્સિયમ - ૨, | લોહ - ૬ |
| થીઆમીન - ૮ | રીબોફ્લેવીન - ૨ |
| નિઆસીન - ૮ | ફોલેટ - ૬ |
| ફોસ્ફરસ - ૬ | ઝીન્ક - ૨ |
| મેગ્નેસીઅમ - ૬ | ત્રાંબુ - ૪ |

**લીલાં બટેટાઃ** બટેટા સફેદ, ભૂરા, કેસરી કે જાંબલી રંગના હોય છે. બટેટામાં પોતાનો જ છોડ ઉગાડવાના બધા તત્વો છે, અને સાથે પાણી પણ છે. એટલે તે લાંબો સમય પ્રકાશમાં રહે તો પ્રકાશ સાથે પ્રક્રિયા કરીને છોડ બનાવવા માટેનું ક્લોરોફીલ નામનું તત્વ બનાવે છે જે લીલું હોય છે. આ લીલો ભાગ ખાવાથી પેટમાં દુખાવો થવાની શક્યતા છે. એટલે ખોરાકમાં લેતાં પહેલાં લીલો ભાગ કાઢી નાખવો અથવા એવા બટેટા ફેંકી દેવા હિતાવહ છે. બટેટાને પ્રકાશ વગરની, અંધારી અને ઠંડકવાળી જગ્યામાં રાખવાથી લાંબો સમય સારા રહે છે. નવા બટેટા કરતાં જૂના બટેટા વધારે સ્વાદિષ્ટ હોય છે. ફ્રીજમાં રાખવાથી પણ તેમાંના પ્રોટીન અને વિટામીનમાં ઘટાડો થવાની શક્યતા છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં બટેટા વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાહેંધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

સ્વાદના શોખીન લોકો પોતાની અર્ધી જિંદગી મરચાંમસાલાની શોધખોળમાં જ વિતાવે છે.

## આપણાં શાકભાજી
## બટેટા

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

તમે કદિ વિચાર કર્યો છે કે બટેટા ન હોત તો ? માણસ નાનો હોય કે મોટો, એને કદાચ રીંગણા કે કારેલા ન પણ ભાવતા હોય, પણ બટેટા ખાવાની ના નહિ પાડે (જૈનો મને માફ કરે !) અને ભાગ્યે જ એવો કોઈ દેશ હશે જ્યાં બટેટા નહિ ખવાતા હોય. બટેટા વગર વૈષ્ણવોના ઉપવાસ કેવા હોત ? અગિયારશ, જન્માષ્ટમી, રામનવમી કે એવા કોઈ તહેવારના દિવસે ઉપવાસ કરવાનો હોય તો ઘરમાં એક બે કિલો બટેટા લાવી રાખવાના. પુરુષોત્તમ માસના એકટાણા કરવાના હોય ત્યારે તો પાંચ દશ કિલો બટેટા લાવી રાખવા પડે. કારણ ઉપવાસ કે એકટાણું કરીએ પણ ભૂખ્યા તો રહેવાય નહિ એટલે પેટ ભરીને બટેટાનું ફરાળી શાક, બટેટાની ખીચડી, બટેટાની પેટીસ. એવી બધી સ્વાદિષ્ટ વાનગીઓ આરોગાય !

બટેટાની સ્વાદની લોકપ્રિયતા માટે તેને શાકનો રાજા કહી શકાય. બટેટા દરેક શાક સાથે ભળી જાય અને સ્વાદના પૂરક પણ બને. મને યાદ છે ત્યાં સુધી હું રાંધવાનું શીખ્યો ત્યારે પહેલવહેલું શાક બટેટાનું બનાવેલું. ગુજરાતીઓમાં લોકપ્રિયતામાં ચણાના લોટ પછી બીજા નંબરે બટેટા જ આવે. એક ગણતરી પ્રમાણે અઢીસો ઉપરાંત વાનગીઓમાં બટેટા વપરાય છે. ઉત્તર ભારતમાં સમોસા, આલુમટર, આલુદમ, પેટીસ વગેરે સ્વાદિષ્ટ વાનગીઓનો આધાર પણ બટેટા ઉપર જ છે. ચાલીસેક વરસ પહેલાં હું કલકત્તા બાજુ ટ્રેનમાં મુસાફરી કરતો ત્યારે ચાલુ ટ્રેને ગરમાગરમ સમોસા વેચાવાવાળો ફેરિયો આવતો. (એની પાછળ ગરમ ચાવાળો અચૂક હોય જે એક 'ભાણ' - માટીનો બનાવેલો કપ અથવા કુલડી - માં ચા આપે). અંગ્રેજીમાં ચાલુ વપરાશની ત્રીસ હજાર ઉપરાંત 'રેસપી બુક'માં બટેટાએ સ્થાન જમાવ્યું છે.

હું હોસ્ટેલમાં રહેતો ત્યાં મહારાજ જમવામાં દરરોજ બટેટાનું શાક બનાવે. અમે મહારાજને બીજું કોઈ શાક બનાવવાનું કહીએ તો જવાબ મળે. 'ભાઈ, બીજું કોઈ શાક બનાવું ને કોઈકને ન ભાવે તો ? બટેટા તો બધાને પ્રિય.' નાનું બાળક ખાતાં શીખે ત્યારે તેને બાફેલું બટેટું આપો તો ખાશે. હું નાનપણમાં ફક્ત બટેટાનું શાક ખાતો. તમને મોટી ઉંમરના એવા પણ લોકો મળશે જેમને રીંગણા કે કારેલા ન ભાવતા હોય, પણ બટેટા ન ભાવતા હોય એવું કોઈ ભાગ્યે જ મળશે. દુનિયામાં 'પોટેટો ચીપ્સ'ને પ્રચલિત કરવામાં ફ્રેન્ચ લોકો હોવા જોઈએ એટલે જ તે પરદેશમાં પોટેટો ચીપ્સ 'ફ્રેન્ચ ફ્રાઈઝ' તરીકે પ્રખ્યાત છે. બાળકોમાં મેક્ડોનાલ્ડ જેવાં રેસ્ટોરન્ટ તેની 'પોટેટો ચીપ્સ' માટે જ પ્યારા છે. દરેક જાતના બર્ગર સાથે ચીપ્સ તો જોઈએ જ. ઈન્ગલેન્ડમાં 'ફીશ એન્ડ ચીપ્સ' જાણીતું ફાસ્ટ ફૂડ છે. ઓસ્ટ્રેલિયા જેવા માંસાહારી દેશમાં બહારગામ ફરવા જાય ત્યારે શાકાહારીને કોઈ ગરમ વાનગી ખાવી હોય તો 'હોટ પોટેટો ચીપ્સ'ની મહેરબાની છે.

વૈષ્ણવોના ફરાળી ઉપવાસમાં બટેટાને મુખ્ય સ્થાન છે એથી જો તમે એમ માનવા ઈચ્છતા હો કે શ્રી કૃષ્ણના જમાનાથી બટેટા ભારતદેશમાં જમાતા હતા તો થોભો ! બટેટા ભારતના વતની નથી ! સોળમી સદીમાં સ્પેનના વેપારીઓ પ્રથમ ભારતમાં બટેટા લાવેલા. તેમની પાસે ક્યાંથી આવ્યા ? પંદરમી સદીમાં કોલમ્બસે અમેરિકા શોધ્યો ત્યાર પછી સોના અને ઝવેરાતની શોધમાં તેઓ ઉત્તર અને દક્ષિણ અમેરિકા ઘૂમી વળ્યા. સોનું તો ન મળ્યું પણ તેમણે જોયું કે અત્યારના પેરૂ અને બોલેવિયાની સરહદ જ્યાં છે તે પ્રદેશના લોકો બટેટા મોટા પ્રમાણમાં ઉગાડતા હતા. બટેટા તેમનો મુખ્ય ખોરાક હતો અને લોકો તગડા અને તંદુરસ્ત હતા. એક ગણતરી પ્રમાણે એ પ્રદેશના લોકો બે હજારથી વધારે વર્ષોથી બટેટા ઉગાડતા હતા અને બસો ઉપરાંત જાતના બટેટા ઉગાડતા. સૂરણ અને રતાળુ પણ બટેટાની જાતના કંદમૂળ છે. વ્હાણ ભરીને બટેટા તેઓ સ્પેન લાવ્યા. મુસાફરી દરમિયાન ખલાસીઓ પણ બટેટા ખાતા હતા. જતી વખતે જે દરિયાઈ બીમારીઓ તેમને થતી હતી તે વળતી મુસાફરી વખતે બધી ઓછી થઈ ગઈ. આનું મુખ્ય કારણ બટેટામાંના તત્વો હોવા જોઈએ એ તેમને સમજાયું.

ત્યાર પછીના સમય દરમિયાન બટેટા આખા યુરોપમાં ફેલાઈ ગયેલા. બીજા ધાન્યની સરખામણીમાં એકર દીઠ ઉત્પાદન વધારે થાય. તેના પહોળા પાંદડા હવામાંથી ભેજ શોષીને મુળિયાને પહોંચાડે એટલે ઘઉં ને કઠોળની સરખામણીમાં ઓછા વરસાદે ઝાઝો પાક મળતો. આથી સત્તરમી સદીના અંત અને અઢારમી સદીની શરૂઆતમાં જ્યારે યુરોપમાં અણધાર્યો વસતિ વધારો થઈ રહ્યો હતો ત્યારે અનાજના પૂરક તરીકે 'વધુ બટેટા ઉગાડો'ની ઝૂંબેશ યુરોપના બધા દેશોમાં ચલાવી હતી. એક ગણતરી પ્રમાણે ઓછા વરસાદની પરિસ્થિતિમાં એક જમીન પર ગાય કે ઘેટાનો ઉછેર કરી તેમાંથી જેટલા કાર્બોહાઈડ્રેડ અને પ્રોટીન મળે તેનાથી વધારે તે જ જમીનમાંથી બટેટાના ઉત્પાદનમાંથી મળે. દુનિયાની વધતી જતી વસતિના ખોરાકની જરૂરિયાત પૂરી પાડવા માટે ઘણા અન્નશાસ્ત્રીઓ પ્રાણીજન્ય ખોરાક ઓછો કરીને જમીનમાંથી ઊગાડાતા ધાન્ય અને કંદમૂળનું ઉત્પાદન વધારવાની હિમાયત કરે છે. (અત્યારની દુનિયાની અનાજની તંગી માટે 'ભારતિયો અન્ન વધારે ખાય છે' એમ કહી દોષનો ટોપલો તેમના માથા પર મૂકવાને બદલે જ્યોર્જ બુશે આ બટેટા વિષે વિચારવાની જરૂર છે.)

આ મ્લેચ્છોના દેશમાંથી મ્લેચ્છો (ભારતના ચૂસ્ત હિન્દુ ધાર્મિક લોકો તે સમયે 'પરદેશ'ને મ્લેચ્છોનો દેશા ગણતા અને પરેશીઓને 'અસ્પૃશ્ય' ગણતા) દ્વારા ભારતમાં લાવવામાં આવેલા બટેટાને બનારસ-મથુરાના ધર્મચૂસ્ત પાંડાઓએ તેમના અતિ ધાર્મિક દિવસોના ઉપવાસમાં બટેટાને સ્વીકાર્યા હોય તો તેનું મુખ્ય કારણ તેના સ્વાદ અને પોષક તત્વો જ હોવા જોઈએ.

(અનુસંધાન પાના ૭ પર)



### मेघदूतम्
(संपादकः डो.गौतम पटेल)

तस्योत्संगे प्रणयिन इव स्रस्तगन्गादुकुलां
न त्वं द्रष्ट्वा न पुनरलकां ज्ञस्यसे कामचारिन् ।
या वः कालेबहति सलिलोदारमुच्चैर्विमाना
मुक्ताजालग्रथितमलकं मामिनीवाभ्रवृन्दम् ॥६५॥
..विद्युत्वन्त ललितवनिताः सेन्द्रचापंसचित्राः
सन्गीताय प्रहतमुरजाः स्नीग्धगम्भीरघोषम् ।
अन्तस्तोयं मणिमयभुवस्तुन्गमभ्रंलिहाग्राः
प्रसादास्त्वां तुलयितुमलं यत्र तैस्तैर्दिशेषैः ॥६६॥

### મેઘદૂત
(સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

અંકે તેના, જ્યમ રમણના, જાહ્નવીવસ્ત્ર જેનું
જોઈ થાતું સ્ખલિત, અલકા જાણશે કામચારી,
મોલતીસેરે ગ્રથિત અલકો કામિની જેમ, વર્ષાકાલે,
હર્મ્યે જલ વરસતા મેઘવૃંદે ધરે જજે. (૬૫)
વિદ્યુતવાળો, લલિત વનિતા, ઈન્દ્રવ્યાપી, સચિત્ર,
ત્યાં સંગીને ધ્વનિ મુરજનો, ઘોષ ગંભીર તારો,
પાણી તુંમાં, મણિમય ધરા, ઉચ્ચ તું, અભ્રગામી,
હર્મ્યો તુંથી ક્ષમ તુલનમાં થાય તે તે વિષે. (૬૬)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

O cloud, wandering at your will not fail to recognise Alaka like a lady with her garment of Ganga slipping off as a lover's lap. Full of lofty mansions, she wears during your season a mass of clouds bursting on them, like a woman with her tresses interlaced with pearls. (65)

This is Alakapuri where mansions compare favourably with you as these are full of attractive damsels just as you are so with your lightening; these with multi-coloured paintings in them resemble your rainbows; their tabor sounds at musical concerts echo your thunderings; their gem studded floors compare well with your watery interiors; these mansions touch the sky with dome as you do.(66)

(To be continued: Two verses will be published in every issue.)